સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

ખાયકી કૌભાંડોના ભારે, ધરતી ધ્રૂજે છે,
આતંકી ભયના ઓથારે, ધરતી ધ્રૂજે છે,
ધરતી ધ્રૂજે છે દુરાચારી - દુષ્કર્મીઓથી -
નાટક જોઇ નેતાઓનાં ધરતી ધ્રૂજે છે..
(ધરતીકંપ)

હાઈકુ

કાપ્યા કરે છે
સંબંધો એ બધાથી
કેંચરી - વાલ..

'કેદાર' પછી
શ્રી પશુપતિનાથ
પણ રિસાયા?!

ચિંતન

દૈવા દપ્યુત્તમાનામપહરતિ યદા દુર્જનો વા કથં ચિત
માનં નાપ્રાતિ નેષાંમનુઝ નિતગુણાનેવ કુત્રા ધિકત્વમ્ ।
સ્વર્ભાનુ ભાનવીયાન્દુરતી યદિ પુનઃ શીતરશમેર્મરીચી
ન બ્રહ્માંડ સ્યેહ ખંડે તદપિ નચ્પતે કિં ગ્રહેશત્વમેતિ ॥

કોઇ દૈવ-નશીબયોગે કોઇ દુર્જન ઉત્તમ પુરુષ જેવાં માન-સન્માન કદાચ મેળવી પણ જાય. (દા.ત. રાજકારણમાં કુપાત્ર-અસંસ્કારી અભણ જેવા લોકો પ્રધાનપદ સુધી પહોંચી પણ જાય!) તો આવા લોકો ઉત્તમ પુરુષ જેવા સ્વાભાવિક સંસ્કાર-સદ્‌ગુણોને તો નથી જ મેળવી શકતો ખરેખર! રાહુ, ભલે સૂર્ય અને ચંદ્રના કિરણો ગળી જાય છે તો પણ આ વિશ્વમાં રાહુની ગણતરી એક માત્ર ગ્રહ તરીકે જ થાય છે તેને નક્ષત્રોના અધિપતિ તરીકે થતી નથી.

રાજકારણમાં અચાનક કોઇ 'વૈવ' કામ કરી જાય અને અકલ્પિત - સામાન્ય અને ખરાબ સ્વભાવ-સંસ્કારવાળો સામાન્ય માણસ ઉચ્ચ કે પ્રધાનપદું પ્રાપ્ત કરી લે છતાં તે લોકનું સન્માન કે પૂજ્યભાવ પ્રાપ્ત નથી કરી શકતો. વાસ્તવિક રીતે તો ગુણ અને સંસ્કારનું જ સન્માન થાય છે.

સુવિચાર

- ઇન્દ્રિયોની સાથે મન ભળે છે ત્યારે સંયમ સંપૂર્ણપણે નાશ પામે છે - એસ. ભટ્ટાચાર્ય
- શોધે બધે કાહે જગ ખજાના... જા તાક મનવા નિજ મન મુકુર મેં.. - ગીરીજા જોશી
- માણસનું શરીર રથ છે, બુદ્ધિ સારથી છે, ઇન્દ્રિયો અશ્વ છે, એને વશમાં રાખીને સાવચેત રહો તો માણસ સંસાર વન ને સુખેથી પાર કરે છે - વિદૂરનીતિ
- દુઃખનું આવવું ફરજિયાત છે, દુઃખી થવું મરજીયાત છે - એસ.એમ.એસ.
- માણસ ૨૦ ટકા વધુ વિચારે, ૩૦ ટકા બોલવાનું ઓછું કરે અને ૫૦ ટકા વધુ કાર્યક્ષમતા બતાવે તો એનો બેડો પાર થઇ જાય - ગુણંવત શાહ
- 'સદ્‌ગુણ' એટલે જ જ્ઞાન. તમે જે કંઇ જાણ છો તો મુજબ વર્તો અને આચરણ થકી જ તમારું ચરિત્ર્ય ઘડાય છે - એમર્સન
- દરેક માનવીની આવશ્યકતા પૂર્ણ થઇ શકે છે પણ ઇચ્છા નથી, આ જ કુદરતનો નિયમ છે - બર્નાડ શો

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સંસારમાં રહી, ઇશ્વરને સાક્ષીમાં રાખી, પોતાના કર્તવ્યો ફરજો સતત ઇશ્વરે સોંપેલી ફરજ સમજી ન્યાય-નિષ્ઠાથી નિભાવવી એનું નામ 'કર્મયોગ'.

એક સંત સત્સંગ સભામાં આ વાત 'ભગવાનની લીલા' ના સ્વરુપે સમજાવતા હતા. જન્મ-મરણ-કર્તવ્ય-ફરજો-માનવીય સંબંધો બધું જ ઇશ્વરની લીલા છે એન ધારેલાં કાર્યો એ આપણને નિમિત્ત બનાવી આપણાં માફરતે જ કરાવે છે આપણે પણ આ વાત સમજી 'પ્રભુ કાર્ય કરું છું.' એમ સમજી બધાં કાર્યો - પ્રવૃત્તિ - ફરજો બજાવવી જોઇએ.

એક કોલેજીયન જે પોતાને સુધારાવાદી ગણાવતો હતો તે ઉભો થયો એને મહારાજ જે કથા કરતાં હતા તેને પુછ્યું. બાપુ! જો બધી ઇશ્વરની લીલા જ હોય તો આપણે નોકરી-કામ-ધંધા શા માટે કરવા જોઇએ? ભગવાનની લીલા સમજી એક ખૂણે પડ્યા પડ્યા આરામ ન કરીએ?!

ભાઇ - મેં કામ ન કરવાનું નથી કહ્યું, પણ જે કંઇ કરો તે ઇશ્વરનું, ઇશ્વર માટે, ઇશ્વર વડે જ કરું છું એ ભાવે કરવું જોઇએ.

Email - sureshchandrabhatt18@gmail.com

રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે રાષ્ટ્ર ઘડતરના શતાબ્દીના શિલ્પીઓનો પરિચય કરાવતું પુસ્તક

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

સમાજ ઘડતરમાં કેટલાય વિશિષ્ટ મહાનુભાવોનો બહુ મોટો ફાળો હોય છે. આવા મહાનુભાવોના નામો તો ખુબ પ્રચલિત હોય છે. તેમનાં ખુબ જાણીતાં કામો વિશે પણ જનમાનસમાં જાણકારી પ્રવર્તતી હોય છે. પણ ઘણી બાબતો એવી હોય છે જે સામાન્ય માણસને તેની જાણ હોતી નથી. આવી કેટલીયે માહિતીઓ મળે તો વાચકને તેમાં જરુરથી રસ પડતો હોય છે અને સમાજ ઘડતરના એ શિલ્પીઓ વિશેનો આદર અને અહોભાવ વધી જતો હોય છે. પરંતુ આ બધી વિગતો મળે ક્યાંથી? અને જો મળી પણ જાય તો થોડાક વિષે મળે. આવી માહિતી ભાવકને કૃતકૃત્ય તો કરે જ સાથે હાલમાં સરકારમાં પડેલ ખાલી જગ્યાઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજાતી હોય છે. તેમાં ભાગ લેતા પરીક્ષાર્થીઓ ને પણ આવી માહિતીઓ ખુબ ઉપયોગી નીવડે.

છેલ્લા સો વર્ષમાં દેશને રાજકીયથી માંડી સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે ઘડતરમાં જેમનું યોગદાન રહ્યું છે તેવી વ્યક્તિઓમાંથી ૧૦૦ની પસંદગી કરવી તે પણ આમ તો અઘરું કાર્ય કહેવાય કારણ કે સમય સંજોગો અને વાચકના દૃષ્ટિકોણ અનુસાર આ સિવાયના વ્યક્તિઓ પણ સમાજ ઘડતરના શિલ્પી તરીકે તેમના દિમાગમાં છવાયેલા હોય છે તેમ છતાં ખુબ જ સાવધાની પૂર્વક શતાબ્દીની આવા શિલ્પીઓ વિશે જો કોઈ પુસ્તક રુપે એક સામટી સામગ્રી મળે તો જેને જરૂરિયાત છે તેના માટે જો ખજાનો મળ્યા બરાબર ગણાય.

આજે મારે તમને એવા જ એક પુસ્તકની વાત કરવી છે જેમાં ૧ શતાબ્દીના ૧૦૦ શિલ્પીઓ વિશેનો લેખ આપણને મળે છે. વળી તે દરેકના મસ્ત રેખાચિત્રો પણ આ લેખો સાથે વિશિષ્ટ શૈલીમાં બનાવેલ છે. તે આ પુસ્તકની ખાસિયત ગણી શકાય. પુસ્તકમાંથી પસાર થતાં અહીં આપણને ૧૮૬૩માં જન્મેલાં સ્વામી વિવેકાનંદથી લઇને ૧૯૪૦માં જન્મેલ અણ્ણા હજારે અને છેક ૧૯૫૦માં આ દુનિયામાં આવેલ અને હાલમાં દેશનું નેતૃત્વ કરતાં અને વિશ્વભરમાં છવાઈ ગયેલા આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુધીના મહાનુભાવોનો સમાવેશ અહીં કરાયો છે. દરેક લેખની શરુઆતમાં જ ઉપર અલગ રીતે દરેક મહાનુભાવની જન્મ તારીખ તેમજ જન્મ સ્થળ અને જો હાલમાં જીવંત ન હોય તો સ્વર્ગવાસી થયેલ તે તારીખ પણ દર્શાવેલ છે.

અહીં શતાબ્દીના કયા શિલ્પીઓ સમાવાયા છે. તેની યાદી પણ જાણવામાં તમને રસ પડશે. સ્વામી વિવેદાનંદ ઉપરાંત શ્રી અરવિંદ, લોકમાન્ય તિલક, દાદાભાઈ નવરોજી, ગોપાલ કૃષ્ણ ગોખલે, દિનશા વાચ્છા, ફિરોજશાહ મહેતા, કે. એસ. રણજીતસિંહજી, જમશેદજી તાતા, રાસબિહારી ઘોષ, ભારતીય કવિઓના ગુરુવર્ય એવા રવિન્દ્રનાથ ટાગોર, બનારસ યુનિવર્સિટીના સ્થાક પંડિત મદનમોહન માવલિયા, સાહસિક અને નિર્ભય સ્વાતંત્ર્ય સેનાની બદરુદ્દીન તૈયબજી, રાષ્ટ્રના મુક્તિ સંગ્રામમાં મહત્ત્વનો ફાળો આપનાર સુરેન્દ્રનાથ બેનરજી, ભારતના પ્રશ્નો માટે વાચા અને લડત આપનાર સ્વાતંત્ર્ય સેનાની એવી બેસન્ટ, પંડિત રવિશંકર (સિતાર વાદક)ના ગુરુ - બાબા અલ્લાઉદ્દીનમાન - જેમના નામે ફિલ્મનો શ્રેષ્ઠ એવોર્ડ અપાય છે તે દાદા સાહેબ ફાળકે, પ્રાચીન કળાના અગ્રણી નંદલાલ બોઝ, હિન્દી સાહિત્યના પિતામહ મુનશી પ્રેમચંદ, ક્રાંતિકારી મુક્તિ સંગ્રામના લડવૈયા રાસબિહારી બોઝ, ખ્યાત લેખક શરદબાબુ, ભારતીય લોકોના હૃદયની અમર પ્રેરણામૂર્તિ ગાંધીજી, ભારતની સ્વતંત્રતા માટે તમામ વિલાસ વૈભવ ત્યાગી દેનાર મોતીલાલ નહેરુ, શેર-એ-પંજાબ તરીકે ઓળખાયેલા લાલા લજપતરાય, ક્રાંતિકારી ભગતસિંહ, 'બુલબુલે હિન્દ' તરીકે જામીતા શ્રીમતી સરોજીની નાયડુ, સારે જહાં સે અચ્છા હિન્દોસ્તાં હમારાંના કવિ ડૉ. મહંમદ ઇકબાલ, ભારતના સંવિધાન ઘડનારા ડૉ. ભીમરાવ આંબેડકર, વૈજ્ઞાનિક જગદીશ ચંદ્ર બોઝ, ક્રિકેટર પ્રિન્સ દુલીપસિંહજી, રાષ્ટ્રવાદી નેતા મૌલાના અબ્દુલ કલામ આઝાદ, 'દેશબંધુ' ચિંતરંજન દાસ, સરહદના ગાંધી તરીકે જાણીતા ખાન અબ્દુલ ગફારખાન, કોમી એખલાસ માટે મથનાર ધારાશાસ્ત્રી શરદચંદ્ર બોઝ, સમાજવાદી ચળવળમાં અનન્ય ફાળો આપનારા ડૉ. રામ મનોહર લોહિયા, હરદિન જીવન જીવવાનું જેના માટે પૈગામ હતું એવા જે. કૃષ્ણૂર્તિ, ભારતને વિજ્ઞાન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવનારા વૈજ્ઞાનિક સી.વી. રમન, પત્રકાર એસ. સદાનંદ, ઔદ્યોગિક શક્તી તરીકે ભારતની સ્થિતિને સુદૃઢ કરવામાં મદદરુપ થનાર જી.ડી. બિરલા, પ્રખર રાજકારણી અને તેજસ્વી ધારાશાસ્ત્રી ભુલાભાઈ દેસાઇ, હોકીની રમતને કારણે વિશ્વનું ધ્યાન ખેંચનાર ખેલાડી ધ્યાનચંદ, ફિલ્મી દુનિયાની આગવી પ્રતિભા એવા પૃથ્વીરાજ કપુર, 'આઝાદ હિંદ ફોજ' ના નેતૃત્વ દ્વારા સ્વાતંત્ર્ય સંગ્રામના લડવૈયા સુભાષચંદ્ર બોઝ, સ્વાતંત્ર્યના નેતાઓમાં સૌથી વધુ વિવાદાસ્પદ વ્યક્તિ મહંમદ અલી ઝીણા, સરદાર વલ્લભભાઈ પટેલ, ભૂદાન ચળવળ કરનારા વિનોબા ભાવો, શેર-એ-કાશ્મીર શેખ અબ્દુલ્લા, રાજાજી કે સી.આર. ના હુલામણા નામે જાણીતા ચક્રવર્તી રાજગોપાલચારી, ઉદ્યોગપતિ વાલચંદ હિરાચંદ, નવ માનવવાદના પ્રણેતા એમ.એન.રોય, શાસ્ત્રીય સંગીતના આગ્રા ઘરાનાના ગાયક ઉસ્તાદ ફૈયાઝ ખાન, યુગ પ્રહરી, દર્શનાચાર્ય ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, આધુનિક ભારતના ઘડવૈયા જવાહરલાલ નહેરુ, રાજકીય પુરુષ, પત્રકાર, નવલકથાકાર, કનૈયાલાલ માણેકલાલ મુનશી, વી. કૃષ્ણ મેનન, સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રમુખ રહી ચુકેલા વિજયાલક્ષ્મી પંડિત, ગ્રેટ શો- મેન રાજકપુર, અભિનેતા નરગીસ, ભારતમાં અણુ મથકના જનક હોમી ભાભા, વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈ, 'ઉડતા શીખ' તરીકે જાણીતા મીલખાસિંગ, કર્ણાટક સંગીતના કલાકાર એમ.એસ. સુબ્બાલક્ષ્મી, માનવતાવાદી શિક્ષણ શાસ્ત્રી, ડૉ. ઝાકીર હુસેન, રાષ્ટ્રીય એરલાઇન્સનો પાયો નાંખનાર જે. આર.ડી. ટાટા, અંગ્રેજીમાં આધુનિક ભારતનું સાહિત્યનું પ્રતિનિધિત્વ કરનાર આર.કે. નારાયણ, લાલબહાદુર શાસ્ત્રી, ગાયક મહોમ્મદ રફી, જાણીતા ફિલ્મકાર સત્યજીત રે, અભિનેત્રી મધુબાલા, આર.એસ.એસના પ્રચારક પંડિત દીનદયાલ ઉપાધ્યાય, ફિલ્મકાર ગુરુદત્ત, ચિત્રકાર એમ.એફ. હુસેન, દિલીપકુમાર, શ્રીમતી ઇન્દિરા ગાંધી, મોરારજી દેસાઇ, સંજય ગાંધી, ક્રિકેટર સુનિલ ગાવસ્કર, લોકનાયક જયપ્રકાશ નારાયણ, સિતારવાદક પંડિત રવિશંકર, સંશોધાત્મક પત્રકાર અરૂણ શૌરી, રામનાથ ગોએન્કા, ભારતીય સેનાના પ્રથમ વડા જનરલ માણેકશા, અમિતાભ બચ્ચન, મધર ટેરેસા, લતા મંગેશકર, સત્ય સાંઇબાબા, ધીરુભાઇ અંબાણી, કાર્ટૂન કલાના જન્મદાતા, આર.કે.લક્ષ્મણ, નીડર સાધક બાબા આમ્ટે, ઓશો રજનીશ, સંત લોંગોવાલ, શ્યામ બેનેગલ, રાજીવ ગાંધી, પી.ટી. ઉષા, ભારતના દૂર સંચાર ક્રાંતિના જનક સામ પિત્રોડા, હિન્દી સાહિત્યના મુર્ધન્ય કવયત્રી મહાદેવી વર્મા, ક્રિકેટર સચિન તેંડુલકર, અટલ બિહારી વાજપેયી, ભ્રષ્ટાચાર વિરોધમાં દેશને જાગૃત કરનાર અણ્ણા હજારે, નરેન્દ્ર મોદી, આ બધાં વ્યક્તિત્વોને જોતાં તે જુદાં જુદાં ક્ષેત્રે પોતાના વિશિષ્ટ કાર્યો દ્વારા દેશ ઘડતરમાં કંઇ રીતે આગળ રહ્યાં તેનાં ખ્યાલ આવે છે. ૮૦ના દાયકામાં દૈનિકની કોલમ માટે લખાયેલા લેખો સાથે કેટલાક વ્યક્તિઓનો ઉમેરો કરી સંપાદકે ૧૦૦ની સંખ્યા કરી છે. વળી જે તે વખતે તેમાં રહી ગયેલાંની ક્ષતિપૂર્તિ પણ કરી છે. પુસ્તકનું આલેખન કરનાર મહેન્દ્રસિંહ ગોહિલ તેમનાં નિવેદનમાં એ વાત સ્પષ્ટ કરે છે કે અહીં દર્શાવેલી વ્યક્તિઓ જ દેશના શિલ્પીઓ છે એવું કહેવાનો તેમનો કોઇ ઇરાદો નથી. કેમ કે કેટલાય શિલ્પીઓને ઇચ્છવા છતાં ૧૦૦ની મર્યાદાને કારણે સમાવી શકાયા નથી.

'શતાબ્દીના શિલ્પી' પુસ્તકના લેખક મહેન્દ્રસિંહ ગોહિલ ભાવનગરના જાણીતા કવિ, લેખક અને પત્રકાર છે. તેમનાં કાવ્યસંગ્રહ અ, અસ્ત, કાવ્યગુર્જરી, ગઝલ સંગ્રહ, સંભવામિથી તેઓ જાણીતા છે. ઉપરાંત તેમનાં સંપાદનો પ્રેરણા, સવારના સૂરજને પુછો,ભાવસુમન, ગઝલ-બઝલ, પાઠ્યક્રમિકા, મોરારિ બાપુ કથિત રામાયણ, રુદ્રાક્ષ અને વાસ્તુશાસ્ત્ર વિશેના પુસ્તકો ઉપરાંત ગુડ મોર્નિંગ દિલ્હી, રશિયન કવિતાઓનો અનુવાદ પણ લેખકે આપેલો છે.

શતાબ્દી શિલ્પી પુસ્તકમાં આપણને ૧૯૧૫ થી ૨૦૧૪ના શતાબ્દીના શિલ્પીઓ તરીકે ૧૦૦ જેટલાં વ્યક્તિત્વોનો લેખકે સુંદર પરિચય કરાવ્યો છે. લટૂર પ્રકાશન દ્વારા પ્રગટ થયેલાં આવા બહુ ઉપયોગી પુસ્તક માટે લેખકને ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

શતાબ્દીના શિલ્પી 'પ્રેરણા ગ્રંથાવલી'

લેખક - મહેન્દ્ર ગોહિલ

પ્રકાશક - લટૂર પ્રકાશન, 'અવનિલોક' શાંતિનગર સોસાયટી, ૨૨૭૩, હિલ ડ્રાઇવ, ભાવનગર - સંપર્ક સૂત્ર - ૯૩૭૭૧૧૫૬૪૬

કિંમત - રૂા. ૧૫૦/-, સંમાર્જિત આવૃત્તિ - ૨૦૧૪

ટકી રહેવાની તાકાત આપતી નવલકથા : સળગતાં સૂરજમુખી

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

સાહિત્ય બે પ્રકારનું હોય છે : કલાધર્મી અને જીવનધર્મી. જીવનધર્મી સાહિત્ય માણસને ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં ટકી રહેવાની તાકાત બક્ષે છે. અરવિંગ સ્ટોન નામના અંગ્રેજ લેખકે મહાન ચિત્રકાર વિન્સેન્ટ વાનગોગના સંઘર્ષપૂર્ણ જીવનને નવલકથામાં કંડાર્યું હતું. એ નવલકથાનો વિનોદ મેઘાણી દ્વારા સંપન્ન અનુવાદ 'સળગતાં સુરજમુખી' દરેક વાચકે વાંચવા જેવો છે. ખાસ તો આ ઉનાળુ વેકેશનમાં વિદ્યાર્થી ભાઇબહેનોએ આ નવલકથા વાંચી લેવી જોઇએ.

ગુજરાતી ભાષામાં પ્રખર વિવેચક અને વિદુષી પ્રાધ્યાપક ડો. શરીફા વિજળીવાળાએ આ નવલકથા વિશે કરાયેલ આસ્વાદ વિશેષપણે વાચકોને એ નવલકથા વાંચવા પ્રેરશે, એવી અપેક્ષા સાથે આ કોલમ મારફત પહોંચાડવાનો ઇરાદો છે.

- અયના

બહુ ઓછા ચિત્રશોખીનો એવા હશે જેમે વિન્સેન્ટ વાનગોંગનું નામ ન સાંભળ્યું હોય. 'સળગતાં સૂરજમુખી' વાનગોગના જીવન પર આધારિત નવલકથા છે. તમને પ્રશ્ન થસે કે જીવનકથા બરાબર છે, આત્મકથા પણ ખબર છે, પણ આ જીવન પર આધાર રાખતી નવલકથા એટલે શું? મિત્રો અહીં લેખક નવલકથા લખતી વખતે વ્યક્તિના જીવનને પાયામાં જરુર રાખે છે, પરંતુ એ મુખ્ય પાત્રને ઉઠાવ આપવા માટે જરુરી ગૌણ પ્રસંગો, પાત્રો ઊભા કરી શકે છે. કાલ્પનિક સંવાદે ઉમેરી દે છે, ઘટનાઓનો ક્રમ બદલી શકે છે ને આવું કરવા માટે એને જીવનકથાકારની જેમ આધાર કે સંદર્ભો ટાંકવાની જરુર નથી. આનો અર્થ એવો રખે કાઢતા કે આવો લેખક મનફાવે તેવા ગબારા ચલાવે છે.

મને આ નવલકથા બે કારણે બહુ ગમે છે. વાનગોગ મારા પ્રિય ચિત્રકાર એ તો ખરું જ, પણ એના જીવનમાં વ્યાપેલી નિષ્ફળતા, નિરાશા પછી પણ જે રીતે એ પોતાનું આંતરસત્ત્વ પ્રગટાવીને જંપે છે તે મને ક્યાંક ઊંડે સુધી સ્પર્શે છે. જયારે જયારે 'મને કંઇ નથી આવડતું, હું કથા કામની નથી.' એવી ચીસો ઊઠે અંદરથી ત્યારે ત્યારે હું 'સળગતો સુરજમુખી' વાંચુ અને વળી, ટક્કાર ડાંકે જીવનની તાદાક પાછી આવે. આ ગમવાનું બીજું કારણ અનુવાદક વિનોદ મેઘાણીની અપૂર્વ અનુવાદનિષ્ઠા. ૧૯૭૧માં કરેલો અનુવાદ નબળો લાગતા જાહેરમાં પોતાની શરમ વ્યક્ત કરી, અને રદબાતલ જાહેર કરી નવેસરથી કરેલા અનુવાદને એમણે પ્રથમ આવૃત્તિ ગણાવી! મનફાવે તેમ કાપકૂપ કરી અનુવાદ કરનારા લોકોની વચ્ચે આજે આવા વધુ વિનોદ મેઘાણીની જરુર છે. ચિત્રકળાને લગતા શબ્દોના અર્થ આપતા અનુવાદકે વિન્સેન્ટનાં અનેક આલેખનો, ચિત્રોને પુસ્તકમાં સ્થાન આપી વાચકને રળિયાત કરી મેલ્યો છે.

આ નવલકથાનો લેખક અવવિંગ સ્ટોન આમ તો જાસૂસી વાર્તાઓ અને નાટકો લખતો, અને પેરિસની રિઝનબર્ગ ગેલેરીમાં એ વાનગોગનાં ચિત્રોનું પ્રદર્શન જુએ છે અને સ્તબ્ધ રહી જાય છે. જગતના કદાચ સૌથી વધુ એકાકી માણસ વિન્સેન્ટના આલ્રમાં ચિતરાયેલા ઝળહળતા કેન્વાસે સ્ટોનના ચિત્ત પર, એના સમગ્ર અસ્તિત્વ પર એવી પકડ જમાવી કે એને ખાતરી થઇ ગઇ કે જયાં સુધી એ વિન્સેન્ટ વિશે નહીં લખે ત્યાં સુધી બીજું કશું જ નહી લખી શકે. જાસૂસી વાર્તાઓ લખનાર સ્ટોને હવે બિલકુલ જાસૂસ અદાથી વિન્સેન્ટનું પગેરું દબાવ્યું. એ જયાં જયાં ગયો ત્યાં એ ગયા, લોકોને મળ્યા, વિન્સેન્ટ એના ભાઇ થિયોને લખેલા બધાં જ પત્રો વાંચ્યા અને પછી એકઠી થયેલી હકીકતમાં પોતાની જરુરિયાત પ્રમાણે કલ્પનાના રંગો પૂરી જગતને એક અદ્‌ભૂત જીવનકથનાત્મક નવલકથા 'લસ્ટ ફોર લાઇફ' ભેટ આપી. પછી તો સ્ટોને આવી બીજી ચાર-પાંચ નવલકથાયે લખી.

તમે જયારે આ નવલકથા વાંચશો ત્યારે વિન્સેન્ટની નિષ્ફળતા, વ્યાથાઓથી દાઝશો, થિયો અને વિન્સેન્ટના કલ્પનામાં ન આવે એવા પ્રેમની ઉષ્મા અનુભવશો, ગાગેં, લોત્રેક, વિન્સેન્ટ જેવા મહાન ચિત્રકારોના ગાંડપણથી આશ્ચર્ય અનુભવશો અને ખાસ કશું વિચાર્યા વગર કથારસના ધસમસતા પ્રવાહમાં ધસતા જશો.

લંડનની ખ્યાતનામ ગુપિલ ગેલરીમાં ચિત્રો વેચતા વિન્સેન્ટ વાનગોગના કાકાઓ યુરોપના સૌથી મોટા કલાવિક્રેતાઓ હતા. એકવીસ વર્ષની ઉંમરે કાકાની ગેલેરીમાં ચિત્રે વેચવાનું કામ કરતાં વિન્સેન્ટ પોતાની મકાનમાલિક અર્શલાના પ્રેમમાં પડે છે. પણ અર્શલા એને બેવકૂફ કહીને ધુત્કારી કાઢે છે. જીવનમાં પ્રથમ પ્રેમમાં નિષ્ફળતાને વરતાં વિન્સેન્ટને પછીથી જિંદગીમાં પ્રેમમાં કાયમ નિષ્ફળતા જ મળી. એના નાના ભાઇ થિયો સિવાય વિન્સેન્ટને કદી કોઇ પાસેથી પૂર્ણ પ્રેમ પ્રાપ્ત થયો જ નથી. સ્ત્રી પ્રત્યેનો એનો પ્રેમ કાયમ એકપક્ષી જ રહ્યો. પછી તે એની માસીની દીકરી કેઇ હોય, ક્રિસ્ટિન હોય કે અર્શલા હોય. એકમાત્ર સ્ત્રી માર્ગોટ એને ખરા હૃદયથી ચાહી બેઠી, પણ દસ-પંદર વર્ષ મોટી માર્ગોટને વિન્સેન્ટ ન ચાહી શક્યો ને એ આપઘાત કરી બેઠી.

અર્શલાએ તરછોડ્યો એના પછી વિન્સેન્ટ એકદમ ઓછાબોલા અને તોછડો બની ગયેલો. સાવ ફેંકી દેવા જેવાં ચિત્રોને પણ સહેલાઇથી તે ધનિકોને પધરાવી શકતો, પણ હવે તે બધાંને ઉદ્ધત જવાબો આપતો થઇ ગયો. ગેલેરીના માલિકને પણ તે અકળાઇ દેતા પ્રશ્નો પૂછતો થયો, 'મૌલિક કળા તરફ આંખો માંડવાની પણ લાયકાત ન હોય એવા લોકોને જ ચિત્રો ખરીદવા પરવડે એવું કેમ છે?' (૧૯) (આટલાં વર્ષો પછી પણ વિન્સેન્ટની આ વાત સાચી ઠરતી હોય એવું નથી?)

અર્શલાના લગ્નને કારણે ઇંગ્લેન્ડ છોડી, પાદરી બનવાની તાલીમ લેવા વિન્સેન્ટ એના માસા રેવરન્ડ સ્ટ્રિકરને ત્યાં જાય છે. પ્રેમની ઝંખનાથી ધીખતા એના હૈયાને માસીના ઘરનું પ્રેમાળ વાતાવરણ વધુ અજંપ બનાવે છે. માસીની દીકરી કેઇ જે રીતે એના પતિ પર ઓળઘોળ થઇ રહી છે તે જોઇને વિન્સેન્ટનું હેયું કલ્પાંત કરી ઊઠે છે. એક વર્ષ કાળી મજુરી કર્યા પછી એને સમજાઇ ગયું કે વિદ્યા એને ચડવાની નથી. વિન્સેન્ટને સમજાતું ન હતું કે ગરીબોની સેવા કરવા માટે આ બીજગણિત, લેટિન શીખવાની જરુર શી હતી? અનિવાર્ય નિર્ણયથી ધાર પર ઊભેલા વિન્સેન્ટને તેના શિક્ષક મેન્ડેસ ડાકોસ્ટા જાણે ભાવિ ભાળતા હોય તેમ રસ્તો સુઝાડે છે, 'વિન્સેન્ટ, તું કોઇ પણ માધ્યમ અપનાવીશ, એક દિવસ તારું પૂર્ણ પ્રગટીકરણ થવાનું તે નિશ્ચિત. માનવીય મર્દ બનવાનું હીર મને તારામાં દેખાય છે.' (૩૮)

હવે વિન્સેન્ટનું મનોમંથન શરુ થાય છે. 'પુસ્તકિયા ભણતરમાં હું પાવરધો નથી એનો અર્થ એવો તો નથી ને કે દુનિયા માટે હું નક્કામો છું?' પૈસાનો-સમયનો બગાડ કર્યા પછી જો તે જતો રહેશે તો એ નિષ્ફળ ગણાવાનો, વાનગોગ કુળનું કલંક ગણાવાનો એ વાત તો એને પણ ખબર હતી. તે છતાં એ બધું છોડીન ઇન્ટેલિજન્સ (ઉપદેશક) બનવા નીકળી પડે છે, પણ એનું કમનસીબ એનો હાથ એનો સાથ છોડવા નો'તું માગતું, નિષ્ફળતા હાથ ધોઇને એની પાછળ પડી હતી. નિષ્ફળતા વારંવાર એને કામ, સ્થળ, બદલવા ફરજ પાડી રહી હતી. બેલ્જિયમમાં નિષ્ફળ નીવડેલા વિન્સેન્ટને તેના તારણહાર રેવરન્ડ પિટરસન કોલસાની ખાણોના વિસ્તાર બોરિનાઝમાં જવાની સલાહ આપે છે અને વિન્સેન્ટ કાળઝાળ પ્રદેશ તરીકે ઓળખાતાં બોરિનાઝમાં અનઅધિકારી ઉપદેશક બનીને પહોંચે છે. ભવિષ્યનો મહાન ચિત્રકાર વાનગોગ આ આગ ઓકતી કાળી ભોંયમાંથી જ ઊગી નીકળવાનો હતો, તે કાણ જાણતું હતું.

(ક્રમશઃ)

સુભાષને ખભે બંદૂક રાખી ગાંધીજી પર ગોળીબાર

અતીતથી આજ

- ડો. હરિ દેસાઈ

● મોટા ભાઈ સરતે નેતાજીના પરિવારને અવગણ્યો, ત્યારે સરદાર પટેલ અને પંડિત નેહરુએ તેની કાળજી લીધી હતી

● આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીમાં બંગાળમાં બોઝ અને ઉત્તરપ્રદેશમાં લાલબહાદુર શાસ્ત્રીના નામે રાજકારણ ખેલાશે

સમયાંતરે વૉટનો મોલ લણવા સરદાર પટેલ અને ડૉ.ભીમરાવ આંબેડકર પછી હવે સુભાષચંદ્ર અને લાલ બહાદુર શાસ્ત્રીને વટાવવાના વ્યૂહ હાથ ધરાશે. ભારતીય રાજકારણમાં મહામાનવ ડૉ.ભીમરાવ આંબેડકરને રાષ્ટ્રનાયક ગણાવીને ૧૬.૬ ટકા દલિત વસ્તીને પોતાના તરફ વાળવાની રીતસરની ઝૂંટાઝૂંટના માહોલ વચ્ચે સુભાષચંદ્ર બોઝના નવા પરિમાણનું ઉમેરણ રોજેરોજ નવા વિવાદવંટોળ સર્જી રહ્યું છે. 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હેં આઝાદી દૂંગા' કહેનાર લશ્કરી પોષાકમાં સજ્જ સુભાષ દેશવાસીઓના દિલમાં આજેય ભગતસિંહની જેમ જ વસે છે. આજે સુભાષના નામને ઉછાળવાની અને એમના રહસ્યમય મૃત્યુ પછી બબ્બે દાયકા સુધી તત્કાલીન કૉંગ્રેસી વડાપ્રધાન પં.જવાહરલાલ નેહરુની સરકારે બોઝના પરિવારની જાસૂસી કરાવી હતી એ મુદ્દો રાજકીય ઉકળાટ સર્જી રહ્યો છે. દેશમાં જ નહીં, વડાપ્રધાન જ્યારે જર્મનીની મુલાકાતે હોય ત્યારે સુભાષના સગાસંબંધીઓ એમને મળીને સુભાષચંદ્રને લગતી 'અત્યંત ગોપનીય' રખાયેલી સરકારી ફાઇલોને પ્રકાશમાં લાવીને 'આઝાદ હિંદ ફોજ'(ઇન્ડિયન નેશનલ આર્મી-આઇએનએ)ના સરસેનાપતિ રહેલા અને દેશની આઝાદીના લડવૈયા એવા સુભાષની આસપાસનાં રહસ્ય પરથી પરદો ઊંચકવાની માગણીઓ થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિદેશયાત્રાએથી ઉચ્ચસ્તરીય સમિતિ રચીને નેતાજીને લગતી ફાઇલો ઑફિશિયલ સિક્રેટ ઍક્ટની ચુંગાલમાંથી મુક્ત કરી શકાય કે કેમ એ માટે પગલાં લેવાના આદેશ આપે છે. તત્કાળ બેઠકો યોજાય છે. આવતા દિવસોમાં આના વિશેનું કમઠાણ ચાલતું રહેશે, પણ એક વાત નિશ્ચિત છે કે પંડિત જવાહરલાલ નેહરુને આ કવાયતમાં ખલનાયક સાબિત કરવાનું મહાઅભિયાન છેડાઇ ચૂક્યું છે. સુભાષચંદ્ર બબ્બે દાયકા સુધી ભારતમાં સરમુખત્યારશાહી લાદવાના સમર્થક હતા, એ વાત પણ અત્યારે સત્તાધીશોની અનુકૂળતાનો અવાજ બનીને ગાજી રહી છે.

સુભાષચંદ્ર બોઝના આકસ્મિક નિધન અંગે ભારત સરકારે અત્યાર લગી ત્રણ-ત્રણ તપાસપંચ નિયુક્ત કર્યાં હોવા છતાં એમનું નિધન ખરેખર ક્યારે થયું એ બાબતમાં એકમતિ સાધી શકાઇ નથી. મુદ્દો ગ